For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

હૈદરાબાદી, એવન બોમ્બે બિરયાની અને દાવત રેસ્ટોરન્ટમાં ગંદકી-અખાદ્ય ખોરાક મળતા તાળાં વાગ્યા

# ચાર ઝોનમાં સપાટો : શ્રી જગદીશ ફરસાણ બંધ કરાવ્યું જનતા આઈસ્ક્રીમ અને અક્ષર એન્ટરપ્રાઈઝને હજારોનો દંડ

**ભાયલીના** સ્વીટ કોર્નરમાંથી કલરવાળું મંચુરિયન ઝડપાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.25

વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખા દ્વારા શહેરના ચારેય ઝોનમાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતા એકમો સામે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસર અને ફૂડ સેફ્ટી ઓફિસરની ચાર ટીમોએ વિવિધ સ્થળે દરોડા પાડી તપાસ કરતાં અસ્વચ્છતા, સિન્થેટિક રંગનો ગેરકાયદે ઉપયોગ, લાયસન્સના અભાવ અને સબ-સ્ટાન્ડર્ડ ખાદ્યપદાર્થો સહિતની ગંભીર ગેરરીતિઓ સામે આવી હતી. પગલારૂપે અનેક એકમો બંધ કરાવી શંકાસ્પદ ખાદ્યપદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો.

પશ્ચિમ ઝોનમાં અલકાપુરીની પ્રથમ બેકરીમાં અસ્વચ્છતા બદલ શિડ્યુલ-4ની નોટિસ આપી એકમ બંધ કરાયું હતું. ગોત્રીના રઘુવંશી પાન પાર્લર પાસે લાયસન્સ કે રજિસ્ટ્રેશન ન હોવાથી કાર્યવાહી કરાઈ હતી. વાસણા-ભાયલી રોડના સ્વાગત સ્વીટ કોર્નરમાંથી 8 કિલો સિન્થેટિક રંગવાળા મંચુરિયન અને અમૃતસરી કુલચામાંથી 10 કિલો શંકાસ્પદ પનીરનો નાશ કરી બંને એકમ બંધ કરાયા હતા. ઉત્તર ઝોનમાં ફતેગંજના હૈદરાબાદી બિરયાનીમાંથી 40 કિલો અયોગ્ય નોનવેજ અને ચટણી, એવન બોમ્બે બિરયાનીમાંથી 60 કિલો બિરયાની, ન્યુ બોમ્બે રસોયામાંથી 160 કિલો સિન્થેટિક રંગવાળી બિરયાની તથા ઝમઝામ કેટરર્સમાંથી 20 કિલો રંગવાળી બિરયાનીનો નાશ કરાયો હતો. અસ્વચ્છતા બદલ આ એકમો પણ બંધ કરાયા હતા.

### ક્યાંથી શું અખાદ્ય જથ્થો ઝડપાયો?

- ૧૬૦ કિલો સિન્થેટિક કલરવાળી બિરયાની - **ન્યુ બોમ્બે રસોયા** (ફતેગંજ)
- ૬૦ કિલો અખાદ્ય બિરયાની - **એવન બોમ્બે બિરયાની** (ફતેગંજ)
- ૪૦ કિલો વાસી નોનવેજ અને ચટણી - **હૈદરાબાદી બિરયાની** (ફતેગંજ)
- ૨૦ કિલો કલરવાળી બિરયાની - **ઝમઝમ કેટરર્સ** (ઉત્તર ઝોન)
- ૧૦ કિલો શંકાસ્પદ પનીર - **અમૃતસરી કુલચા** (વાસણા-ભાયલી રોડ)
- ૮ કિલો કલરવાળા મંચુરિયન - **સ્વાગત સ્વીટ કોર્નર** (વાસણા-ભાયલી રોડ)
- ૫ કિલો પનીર, બાફેલા બટાકા અને પકોડા - **દાવત રેસ્ટોરન્ટ** (માંજલપુર)
- અનહાઇજેનિક કન્ડિશનને કારણે બંધ કરાયું. **પ્રથમ બેકરી** (અલકાપુરી)
- અનહાઇજેનિક કન્ડિશનને કારણ બંધ કરાયું : **બંસલ ફૂડ** (માંજલપુર)
- લાયસન્સ/રજીસ્ટ્રેશન ન હોવાથી યુનિટ સીલ કરાયું. **રઘુવંશી પાન પાર્લર** (ગોત્રી)
- મિસ-બ્રાન્ડેડ ખાદ્યપદાર્થ મળતા યુનિટ બંધ. **શ્રી જગદીશ ફરસાણ** (જ્યુબીલી બાગ)
- અનહાઇજેનિકને પગલે યુનિટ સીલ **જય ભારત ફરસાણ માર્ટ** (જ્યુબીલી બાગ)
- લાયસન્સ/રજીસ્ટ્રેશન, યુનિટ બંધ. **જય શ્રદ્ધા સેવ ઉસળ** (જ્યુબીલી બાગ)

ગેસ બોટલમાં ૮૫૦ ગ્રામ સુધી ઓછો ગેસ નીકળતા મચી હલચલ

# ગ્રાહકોની સાથે ખુલ્લેઆમ છેતરપિંડી, ગેસ સિલિન્ડરના વજનમાં મોટા કૌભાંડનો પર્દાફાશ

**જાગૃત** નાગરિકની સતર્કતાથી કાળો કારોબાર ઉજાગર, ભારત ગેસના ગોડાઉન પર હોબાળો



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૫

શહેરના સરદાર એસ્ટેટ વિસ્તારમાં આવેલી ભારત ગેસની એજન્સી 'શ્રી ગાયત્રી ગેસ સર્વિસ'ના ગોડાઉનમાંથી ગ્રાહકોને અપાતા રાંધણ ગેસના સિલિન્ડરમાં નિયત વજન કરતાં ઓછો ગેસ અપાતો હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. જાગૃત નાગરિક પ્રશાંત સોની ગેસ બોટલ લેવા પહોંચ્યા ત્યારે તેમને વજન અંગે શંકા જતા તેમણે સિલિન્ડરનું વજન કરાવવાની માંગ કરી હતી. પ્રાથમિક તપાસમાં બોટલમાં આશરે ૨૫૦થી ૩૦૦ ગ્રામ ગેસ ઓછો હોવાનું જણાયું હતું.

ત્યારબાદ સ્થળ પર અન્ય ત્રણથી ચાર સિલિન્ડરનું વજન કરવામાં આવતા તેમાં પણ નિયત જથ્થા કરતાં ઓછો ગેસ હોવાનું જણાયું હતું. એજન્સી તરફથી વજનકાંટામાં ખામી હોવાનું જણાવી અન્ય લટકતા વજનકાંટાથી તપાસ કરાઈ હતી. તેમાં એક સિલિન્ડરમાં આશરે ૮૫૦ ગ્રામ ગેસ ઓછો હોવાનું સામે આવતા મામલો વધુ ગંભીર બન્યો હતો.

પ્રશાંત સોનીએ આક્ષેપ કર્યો હતો કે, શહેરની અંદાજે છ ભારત ગેસ એજન્સીઓ સાથે જોડાયેલા આશરે ત્રણ લાખ ગ્રાહકોને સરેરાશ ૨૫૦થી ૮૫૦ ગ્રામ ઓછો ગેસ અપાતો હોય તો થોડા દિવસોમાં ગ્રાહકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી થઈ શકે છે. એજન્સીના સંચાલકોનો પ્રતિભાવ મેળવવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તેમણે કેમેરા સામે કંઈપણ કહેવાનું ટાળ્યું હતું.

આ બનાવ બાદ પુરવઠા વિભાગ અને ઓઈલ કંપનીઓની દેખરેખ સામે પણ સવાલો ઉઠ્યા છે. ગેસ સિલિન્ડર લેતા પહેલા ગ્રાહકોએ ખાલી તથા ભરેલા સિલિન્ડરનું વજન ચકાસીને જ ડિલિવરી સ્વીકારવી જોઈએ તેવી અપીલ કરવામાં આવી છે. સમગ્ર મામલે તંત્ર દ્વારા નિષ્પક્ષ તપાસ કરી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ ઉઠી છે.

# લાલબાગ બ્રિજ નજીક ગંદકી બદલ રૂ.૧લાખનો દંડ ફટકારાયો

**વોર્ડ-13ની** ટીમની આકસ્મિક તપાસમાં રેલવે કોન્ટ્રાક્ટના શ્રમિક આવાસમાં ગંદકી મળી



(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની સૂચના અનુસાર શહેરમાં સ્વચ્છતા જાળવવા અને સ્વચ્છતા સર્વેક્ષણમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે પાલિકા તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. શહેરને ગંદકી મુક્ત બનાવવા વોર્ડ ઓફિસરો અને અધિકારીઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં સતત ચેકિંગ હાથ ધરાઈ રહ્યું છે.

આ ઝુંબેશ અંતર્ગત વોર્ડ નંબર-13ના વોર્ડ ઓફિસર અને તેમની ટીમે લાલબાગ બ્રિજ નજીક રેલવેની કોન્ટ્રાક્ટ કામગીરી સાથે સંકળાયેલા શ્રમિકોના આવાસ વિસ્તારમાં આકસ્મિક તપાસ કરી હતી. તપાસ દરમિયાન વિસ્તારમાં ઠેરઠેર ગંદકી અને અસ્વચ્છતા જોવા મળતાં કોન્ટ્રાક્ટ એજન્સીની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી.

શ્રમિકોના રહેણાંક વિસ્તારમાં સ્વચ્છતા જાળવવામાં બેદરકારી બદલ પાલિકા દ્વારા સંબંધિત કોન્ટ્રાક્ટ એજન્સીને રૂ.1 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સાથે જ સમગ્ર મામલે લેખિત ખુલાસો રજૂ કરવા માટે બે દિવસનો સમય આપવામાં આવ્યો છે. પાલિકા સૂત્રોના જણાવ્યા મુજબ, નિયત સમયમર્યાદામાં દંડની રકમ ભરવામાં નહીં આવે અથવા સંતોષકારક ખુલાસો નહીં કરાય તો એજન્સી સામે વધુ કડક કાનૂની કાર્યવાહી હાથ ધરાશે. આવી કાર્યવાહી અન્ય સંસ્થાઓ અને એજન્સીઓ માટે પણ દાખલો બેસાડવાના હેતુથી કરવામાં આવી રહી છે.

## ગેરકાયદે પેસેન્જર હેરાફેરી સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરમાં આરટીઓની પરવાનગી વિના પેસેન્જરોની હેરાફેરી કરતા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસે કાર્યવાહી તેજ કરી છે. તા.25 ઓગસ્ટે અમિતનગર, સોમાતળાવ અને દુમાડ બ્રિજ વિસ્તારમાં ચેકિંગ દરમિયાન અનધિકૃત રીતે પેસેન્જરો બેસાડી હેરાફેરી કરતા પાંચ વાહનો ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ટ્રાફિક શાખા, પૂર્વ ઝોન દ્વારા તા.26થી 30 ઓગસ્ટ દરમિયાન વિશેષ ઝુંબેશ યોજવામાં આવશે. જેમાં આરટીઓની જરૂરી પરવાનગી વિના પેસેન્જર પરિવહન કરતા અને નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરાશે.

પોલીસના જણાવ્યા મુજબ, તા.1થી 24 ઓગસ્ટ દરમિયાન ગેરકાયદે પેસેન્જર હેરાફેરી બદલ 22 વાહનચાલકો સામે કાર્યવાહી થઈ છે. જ્યારે વર્ષ 2026ની શરૂઆતથી 24 ઓગસ્ટ સુધીમાં કુલ 245 વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે.

બે ચેકથી રૂપિયા લીધા બાદ ફોલોઅપના પૈસા હતા તેમ કહી હાથ ઊંચા કરી લીધા

# ટાઉન પ્લાનિંગનુ કામ કરી આપવાના નામે ઠગે વેપારીને રૂ.૨૫ લાખનો ચૂનો ચોપડ્યો

**ગોત્રીના** બિલ્ડિંગ મટીરિયલ વેપારીને ટાઉન પ્લાનિંગની સમસ્યા ઉકેલવાની બાંહેધરી આપી નાણા ખંખેર્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

ગોત્રી વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ સ્કીમના કારણે ફાઈનલ પ્લોટમાં થયેલા ફેરફારનો ઉકેલ લાવી આપવાના નામે બિલ્ડિંગ મટીરિયલના વેપારી પાસેથી રૂ.25 લાખ પડાવી લીધા બાદ વર્ષો સુધી કોઈ કામગીરી નહીં કરવાના આક્ષેપ સાથે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. વેપારીએ રૂપિયા પરત માંગતા આરોપીએ કામ કરવાના નહીં, પરંતુ કામનું ફોલોઅપ લેવાના પૈસા લીધા હોવાનું જણાવ્યું હતું. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

ગોત્રી ગામમાં રહેતા અને ગાયત્રી ટ્રેડર્સના નામે બિલ્ડિંગ મટીરિયલનો વેપાર કરતા ધવલભાઈ રાજેન્દ્રભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ 2022 દરમિયાન ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.10 ગોત્રી-ગોરવા અમલમાં આવતા તેમના નામે રહેલા ફાઈનલ પ્લોટ નં.58 અને 42માં ફેરફાર થયો હતો. આ ફેરફારથી પરિવારને નુકસાન થયું હોવાનું જણાવી તેઓ તેનો ઉકેલ મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા હતા. દરમિયાન પરિચિત શૈલેષભાઈ માળી મારફતે ઓક્ટોબર 2022માં મનીષ સુરેન્દ્રલાલ દીક્ષિત સાથે તેમની ઓળખાણ થઈ હતી. મનીષ દીક્ષિતે જમીન સંબંધિત કામ કરાવી આપવાની બાંહેધરી આપી રૂ.25 લાખ ફી નક્કી કરી હતી. આ રકમ પૈકી 14 ઓક્ટોબર 2022ના રોજ રૂ.5 લાખ અને 21 ઓક્ટોબરે રૂ.20 લાખ મળી કુલ રૂ.25 લાખ માતા જયશ્રીબેન પટેલના પંજાબ નેશનલ બેંકના ખાતામાંથી બે ચેક મારફતે ચૂકવવામાં આવ્યા હતા.

ચેક ક્લિયર થયા બાદ વેપારી દ્વારા કામની પ્રગતિ અંગે વારંવાર ટેલિફોનિક તેમજ રૂબરૂ પૂછપરછ કરવામાં આવતી હતી. ત્યારે 'કામ થઈ જશે, હાલ પ્રોસેસમાં છે, ચિંતા ન કરો' તેમ કહી આશ્વાસન આપવામાં આવતું હતું. જોકે લાંબો સમય પસાર થયા છતાં ન તો કામ પૂર્ણ થયું કે ન તો કામગીરી અંગે કોઈ દસ્તાવેજ કે સ્પષ્ટ માહિતી આપવામાં આવી. આખરે વેપારીએ શંકા જતા પોતાના રૂ.25 લાખ પરત માંગ્યા હતા. ત્યારે મનીષ દીક્ષિતે 'તમારું કામ કરવાના નહીં, કામના ફોલોઅપ લેવાના પૈસા લીધા હતા' તેમ જણાવ્યું હતું. કામ નહીં કરવા ઉપરાંત રૂપિયા પણ પરત નહીં આપતા વેપારી સાથે છેતરપિંડી થઈ હોવાનો આક્ષેપ છે. ધવલભાઈ પટેલની ફરિયાદના આધારે લક્ષ્મીપુરા પોલીસે આરોપી સામે તપાસ શરૂ કરી છે.

# માગણી નહીં સંતોષાતા સાથે ૧૧ સપ્ટેમ્બરે બેંક કર્મચારીઓની હડતાળ

**પાંચ** દિવસનું બેંકિંગ સપ્તાહ, જૂની પેન્શન સહિતની માંગણીઓ નહીં સંતોષાય તો 28 ઓક્ટોબરથી અનિશ્ચિત હડતાળની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા સહિત સમગ્ર દેશના બેંક ગ્રાહકોની મુશ્કેલીમાં વધારો થાય તેવા એંધાણ છે. બેંક કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અને પડતર માંગણીઓને લઈને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સે 11 સપ્ટેમ્બરે દેશવ્યાપી એક દિવસીય હડતાળનું એલાન કર્યું છે.

બેંક યુનિયનો દ્વારા પાંચ દિવસનું કામકાજ સપ્તાહ લાગુ કરવું, જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવી તથા પરફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ્સમાં રહેલી અસમાનતા દૂર કરવા સહિતની માંગણીઓ કરવામાં આવી છે. કર્મચારી સંગઠનોના જણાવ્યા મુજબ, લાંબા સમયથી રજૂઆતો છતાં સરકાર અને બેંક મેનેજમેન્ટ દ્વારા યોગ્ય ઉકેલ લાવવામાં આવ્યો નથી.

11 સપ્ટેમ્બરની હડતાળ બાદ બીજો શનિવાર અને રવિવારની રજા આવતી હોવાથી બેંકિંગ સેવાઓ પર અસર થવાની શક્યતા છે. પરિણામે ચેક ક્લિયરન્સ, રોકડ વ્યવહારો અને અન્ય નાણાકીય કામગીરીમાં વિલંબ થઈ શકે છે. ગ્રાહકોને જરૂરી બેંકિંગ કામકાજ અગાઉથી પૂર્ણ કરી લેવા સલાહ આપવામાં આવી છે.

યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સે ચીમકી આપી છે કે માંગણીઓનો સંતોષકારક ઉકેલ નહીં આવે તો 28 ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરવામાં આવશે.

11 સપ્ટેમ્બરની હડતાળ બાદ શનિવાર અને રવિવારની રજાઓના કારણે બેંક શાખાઓનું કામકાજ સતત દિવસો સુધી પ્રભાવિત થઈ શકે છે. તેથી વડોદરાવાસીઓને રોકડ, ચેક ક્લિયરન્સ સહિતના જરૂરી વ્યવહારો સમયસર પૂર્ણ કરી લેવા સલાહ આપવામાં આવી છે.

ટોલ પ્લાઝાની કામગીરી અધૂરી હોવા છતાં વાહન વ્યવહાર શરૂ થતા અકસ્માતનો ભય

# લીમખેડાથી ગોધરા ઈન્ટરચેન્જ પર ગેરકાયદેસર ચાલકોની અવરજવર

**દ્વિચક્રી**-થ્રી વ્હીલર પણ શોર્ટ કટનો ઉપયોગ કરતા તંત્ર સામે સવાલો ઉઠ્યા






(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર લીમખેડાથી ગોધરા વચ્ચેનો 51 કિમી લાંબો માર્ગ ગેરકાયદેસર રીતે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. સત્તાવાર રીતે હજુ આ માર્ગ ખુલ્લો મુકાયો નથી, છતાં વાહનચાલકો આ માર્ગનો ઉપયોગ કરી રહ્યા છે. ખાસ કરીને દ્વિચક્રી અને થ્રી-વ્હીલ વાહનચાલકો પણ શોર્ટકટ અપનાવવા આ એક્સપ્રેસવે પર ઘૂસી રહ્યા છે, ત્યારે જો કોઈ અકસ્માત સર્જાશે તો જવાબદાર કોણ? તેવા સવાલો ઉઠ્યા છે.

નિયમ મુજબ ટોલ પ્લાઝા અને સલામતીને લગતી તમામ ટેકનિકલ કામગીરી પૂર્ણ કર્યા બાદ જ માર્ગ જાહેર જનતા માટે ખુલ્લો મુકવાનો હોય છે, પરંતુ લીમખેડા ટોલ પ્લાઝાની ટેકનિકલ વ્યવસ્થાઓ હજુ અધૂરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, 2,264 કરોડના ખર્ચે બનેલા આ સેક્શન પર ક્રેશ બેરિયર અને સીસીટીવી કેમેરા જેવી સુવિધાઓ લગાવાઈ છે, પરંતુ ટોલ સિસ્ટમ પૂર્ણ થયા વગર જ વાહનોને એન્ટ્રી-એક્ઝિટ આપવામાં આવી રહી છે. અધૂરી કામગીરી વચ્ચે એક્સપ્રેસવે ખુલ્લો મુકવાથી અકસ્માતનો ભય રહેલો છે. નોંધનીય છે કે, ભારતમાલા પરિયોજના હેઠળ દિલ્હી-વડોદરા એક્સપ્રેસવેનો ગોધરા નજીકના ભામાઈયા ગામથી વડોદરા નજીકના દોડકા ગામ સુધીનો 8 લેન એક્સેસ કંટ્રોલ સ્ટ્રેચ તૈયાર થઈ ગયો છે. તેને ગત 13 એપ્રિલ 2026થી ટ્રાયલ બેઝ પર ખુલ્લો મુકાયો છે. જે ટ્રાયલ સફળ થયા બાદ સત્તાવાર રીતે તેનું ઉદ્ઘાટન થશે. આ માર્ગ શરૂ થતા ગોધરા, કાલોલ અને વડોદરા વચ્ચે કનેક્ટિવિટી વધશે અને હાલના હાઈવે પરનું ભારણ ઘટશે. સુરક્ષા માટે આ એક્સપ્રેસવે પર ધીમા વાહનોને પ્રવેશ આપવામાં આવશે નહીં.

# ચકચારી ભાયલી દુષ્કર્મ કેસની સુનાવણી ૩૧ ઓગસ્ટે

**સરકારી** વકીલે આરોપીઓને કડકમાં કડક સજા ફટકારવાની કરી માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરાના ભાયલી વિસ્તારમાં ચકચારી બનેલા સગીરા દુષ્કર્મ કેસમાં તમામ પાંચ આરોપીઓને કસૂરવાર ઠેરવ્યા બાદ હવે સજાની સુનાવણીનો તબક્કો આવ્યો છે. આજે નામદાર કોર્ટમાં સરકારી વકીલે ગુનાની ગંભીરતા અને જઘન્યતાને ધ્યાનમાં રાખીને આરોપીઓને મહત્તમ સજા ફટકારવાની રજૂઆત કરી હતી.

ફોજદારી કાર્યવાહીની જોગવાઈ મુજબ ગુના અંગેની દલીલોનો અંતિમ તબક્કો આજે પૂર્ણ થયો હતો. સરકારી વકીલે કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે નવરાત્રિના તહેવાર દરમિયાન સગીરા સાથે સામૂહિક દુષ્કર્મ અને લૂંટ જેવી ગંભીર ઘટના બની હતી. આથી આરોપીઓને કાયદા હેઠળ મહત્તમ સજા આપવી યોગ્ય છે. સરકાર તરફથી આરોપીઓને તેમના અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા આપવાની દલીલ કરવામાં આવી હતી.

કેસના તમામ પાંચ આરોપીઓને અગાઉ કસૂરવાર ઠેરવવામાં આવ્યા છે અને આજે તેમને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. બીજી તરફ આરોપીઓના વકીલો દ્વારા ઓછી સજા કરવાની દલીલો કરવામાં આવી હતી.

સરકારી પક્ષની દલીલો પૂર્ણ થયા બાદ કોર્ટે સજાની સત્તાવાર સુનાવણી માટે આગામી 31 ઓગસ્ટની તારીખ નક્કી કરી છે. આ દિવસે કોર્ટ દ્વારા આરોપીઓને કઈ સજા ફટકારવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે. ડીજીપી અનિલ દેસાઈએ જણાવ્યું હતું કે કેસમાં કાયદાકીય પ્રક્રિયાના તમામ તબક્કા પૂર્ણ થઈ ચૂક્યા છે અને સરકાર તરફથી આરોપીઓને મહત્તમ સજા મળે તેવી મજબૂત રજૂઆત કરવામાં આવી છે.

સૂકામેવાના ભાવમાં ૮૦%નો ઉછાળો, ચા ૨થી ૫ મોંઘી; ડુંગળીના વધતા ભાવથી ગૃહિણીઓનું બજેટ ખોરવાશે

# મોંઘવારીનો માર: સૂકામેવા, ચા સાથે ડુંગળી પણ રડાવશે!

## કિસમિસ, બદામ અને ઈલાયચીના ભાવમાં ઉછાળો

દૂધ-ખાંડ સહિતના કાચા માલ મોંઘા થતાં મીઠાઈના ભાવમાં ૧૦% સુધી વધારાની શક્યતા



(પ્રતિનિધિ) વડોદરા, તા.25

શ્રાવણ માસ સાથે જ તહેવારોની મોસમ શરૂ થઈ છે, પરંતુ તેની સાથે મોંઘવારીનો માર પણ સામાન્ય અને મધ્યમ વર્ગના બજેટને અસર કરી રહ્યો છે. શ્રાવણ માસ દરમિયાન સૂકામેવાના ભાવમાં 80 ટકા સુધીનો વધારો નોંધાતા તહેવારોની ખરીદી મોંઘી બનવાની શક્યતા છે. કિસમિસ, બદામ અને ઈલાયચીના ભાવમાં ઉછાળા સાથે ખાંડ, લોટ, દૂધ અને ખાદ્ય તેલના ભાવ પણ વધ્યા છે.

આગામી રક્ષાબંધન અને જન્માષ્ટમી જેવા તહેવારોને પગલે મીઠાઈની માંગ વધવાની છે. જોકે, ઉત્પાદન ખર્ચમાં વધારો થતાં મીઠાઈના ભાવમાં 10 ટકા સુધીનો વધારો થવાની શક્યતા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. દૂધ અને ખાંડ ઉપરાંત કાજુ કતરીમાં વપરાતા ચાંદીના વરખના ભાવમાં પણ વધારો થયો છે.

વધતા ભાવની સીધી અસર તહેવારોની ખરીદી પર પડવાની છે. ખાસ કરીને મધ્યમ વર્ગીય પરિવારોનું બજેટ ખોરવાવાની ચિંતા વ્યક્ત થઈ રહી છે. લોકોની માગ છે કે તહેવારો દરમિયાન જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર નિયંત્રણ રાખવામાં આવે.

બીજી તરફ રાજકોટના કેટલાક મીઠાઈ વેપારીઓએ ગ્રાહકોને રાહત આપવા જન્માષ્ટમી સુધી મીઠાઈના ભાવ નહીં વધારવાનો નિર્ણય લીધો છે. વેપારીઓએ નફાના ગાળામાં ઘટાડો કરીને આ નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. જોકે, કાચા માલના ભાવ વધુ વધશે તો ગણેશોત્સવ બાદ ભાવવધારો કરવો પડે તેવી સ્થિતિ હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

### ખાંડના ભાવમાં રૂ.૨૦થી રૂ.૨૫નો ઉછાળો; કટિંગ ચા રૂ.૨થી રૂ.૫ મોંઘી, ચા રસિયાઓના બજેટ પર ભાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

ગુજરાતીઓના દિવસની શરૂઆત જે ચાની ચુસ્કીથી થાય છે, તે હવે મોંઘી બનવા જઈ રહી છે. છેલ્લા એક મહિનામાં ખાંડના ભાવમાં કિલોએ રૂ.20થી રૂ.25નો વધારો થતાં ભાવ રૂ.70ની આસપાસ પહોંચી ગયો છે. તેની અસર ચાની કીટલીઓ પર પડી છે. વડોદરા સહિત અમદાવાદ, સુરત અને રાજકોટમાં કટિંગ ચાના ભાવમાં રૂ.2થી રૂ.5નો વધારો કરવામાં આવ્યો છે. દૂધ, ગેસ અને ચા પત્તીના ઊંચા ભાવ બાદ ખાંડ મોંઘી થતાં કીટલી સંચાલકોને ભાવ વધારવાની ફરજ પડી છે. કેટલાક સ્થળે નવો ભાવ અમલમાં પણ આવ્યો છે. દિવસમાં ચાર-પાંચ વખત ચા પીતા શોખીનોમાં ભાવવધારાથી નારાજગી છે. લોકોનું કહેવું છે કે મોંઘવારી વચ્ચે હવે ચાની ચુસ્કીનો સ્વાદ પણ કડવો લાગી રહ્યો છે.



### કમોસમી વરસાદથી પાકને નુકસાન થતાં ડુંગરીના ભાવ વધ્યા, મોંઘવારીથી મધ્યમ વર્ગનો રસોડું બેહાલ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

જ રોજિંદા રસોડામાં વપરાતી ડુંગળીના ભાવમાં પણ તીવ્ર ઉછાળો આવ્યો છે. વડોદરાના ખંડેરાવ માર્કેટમાં ભાવ વધતાં સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ વધુ ખોરવાયું છે. કમોસમી વરસાદ અને બદલાતી મોસમથી ડુંગળીના પાકને નુકસાન થતાં જથ્થાબંધ બજારમાં આવક ઘટી છે. માંગ સામે પુરવઠો ઓછો થતાં ભાવ વધ્યા છે. બહારના વિસ્તારોમાંથી માલ મંગાવવામાં પરિવહન ખર્ચ વધતાં છૂટક ભાવ પર પણ અસર પડી છે. ડુંગળી જેવી રોજિંદી ચીજ મોંઘી થતાં ગૃહિણીઓની મુશ્કેલી વધી છે. અનાજ, તેલ, ખાંડ અને શાકભાજીના વધતા ભાવ વચ્ચે મર્યાદિત આવક ધરાવતા પરિવારોનું બજેટ ખોરવાઈ રહ્યું છે. નાગરિકોએ સરકાર અને તંત્રને બજાર પર નજર રાખી ભાવ નિયંત્રણ માટે તાત્કાલિક પગલાં ભરવા માંગ કરી છે.



૧૭ વર્ષની સગીરા સોશિયલ મીડિયા પર રીલ્સ અને ફોટા અપલોડ કરવામાં પણ વ્યસ્ત રહેતી હતી

# યુવક સાથે વાત કરનાર દીકરી પાસેથી મોબાઈલ લેતા પિતાને બચકાં ભર્યા

**સગીરા** પોતાના રૂમમાં મોબાઈલ લઈને બેસી રહેતી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.25

સોશિયલ મીડિયાના વધતા વળગણ વચ્ચે વડોદરામાં પરિવારને ચોંકાવી દેતો કિસ્સો સામે આવ્યો છે. મોબાઈલમાં સતત વ્યસ્ત રહેતી 17 વર્ષની દીકરીને પિતાએ મોબાઈલનો ઉપયોગ ઓછો કરાવવા ફોન લઈ લેતાં મામલો ઉગ્ર બન્યો હતો. મોબાઈલ પરત મેળવવાની જીદમાં સગીરાએ ગુસ્સે થઈ પિતાને બચકાં ભર્યા હતા. દીકરીના વર્તન અને સોશિયલ મીડિયા પર એક યુવક સાથેની વાતચીતને લઈને ચિંતિત બનેલા માતા-પિતાએ અંતે અભયમ ટીમની મદદ લીધી હતી.

વડોદરા શહેરમાં રહેતી સગીરા અભ્યાસ કરતી હતી અને તેના માતા-પિતા નોકરી કરતા હોવાથી દિવસ દરમિયાન તે ઘરે એકલી રહેતી હતી. એકલી રહેતી હોવાથી તે મોબાઈલમાં વધુ સમય પસાર કરતી અને ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ બનાવવા તેમજ ફોટા અપલોડ કરવામાં વ્યસ્ત રહેતી હતી. ધીમે ધીમે સોશિયલ મીડિયા અને મોબાઈલનો ઉપયોગ તેની દૈનિક જીવનશૈલીનો મોટો ભાગ બની ગયો હતો.

માતા-પિતા ઘરે પરત ફર્યા બાદ પણ સગીરા પરિવાર સાથે સમય પસાર કરવાને બદલે પોતાના રૂમમાં મોબાઈલ લઈને બેસી રહેતી હતી. તેને અભ્યાસ કરવા કે મોબાઈલ ઓછો વાપરવા માટે સમજાવવામાં આવતાં તે ગુસ્સે થઈ જતી હતી. પરિવાર સાથે વાતચીતમાં પણ તેનું વર્તન બદલાયેલું હોવાનું માતા-પિતાએ જણાવ્યું હતું.




દરમિયાન પિતાને દીકરી એક યુવક સાથે મોબાઈલ પર વાતચીત કરતી હોવાનું જાણવા મળ્યું હતું. દીકરીની ઉંમર નાની હોવાથી અને યુવક સાથેની વાતચીત અંગે ચિંતા થતાં પિતાએ તેનો મોબાઈલ લઈ લીધો હતો. મોબાઈલ પરત આપવા માટે સગીરાએ પિતા સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને ગુસ્સામાં આવી પિતાને બચકાં ભર્યા હતા.

આ ઘટનાથી માતા-પિતા ચિંતિત બન્યા હતા. તપાસ કરતાં તેમને જાણ થઈ હતી કે એક યુવક સગીરાને વારંવાર ફોન કરતો હતો અને મળવા માટે પણ બોલાવતો હતો. સોશિયલ મીડિયા મારફતે અજાણી વ્યક્તિના સંપર્કમાં આવી રહેલી દીકરી અંગે ચિંતા વધતાં માતાએ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદ મળતાં અભયમ ટીમે પરિવારનો સંપર્ક કરી સગીરા સાથે અલગથી વાતચીત કરી હતી. કાઉન્સેલિંગ દરમિયાન સગીરાને મોબાઈલ અને સોશિયલ મીડિયાના યોગ્ય ઉપયોગ અંગે સમજ આપવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર અજાણ્યા વ્યક્તિ સાથે વાતચીત કરતી વખતે સાવચેતી રાખવા અને કોઈ વ્યક્તિ દ્વારા હેરાન કરવામાં આવે અથવા મળવા માટે દબાણ કરવામાં આવે તો તરત જ માતા-પિતાને જાણ કરવા સમજાવવામાં આવી હતી.

### અભયમની સમજાવટથી સગીરાએ માફી માંગી

અભયમ ટીમે સગીરાને સમજાવ્યું હતું કે રીલ્સ અને સોશિયલ મીડિયામાં સમય પસાર કરવા કરતાં અભ્યાસ અને ભવિષ્યની કારકિર્દી પર ધ્યાન આપવું વધુ જરૂરી છે. સાથે જ માતા-પિતા સાથે ગુસ્સામાં ગેરવર્તન કે મારામારી કરવી યોગ્ય નથી તેવી પણ સમજ આપી હતી. અંતે સગીરાએ પોતાની ભૂલ સમજતાં માતા-પિતાની માફી માંગી હતી અને ભવિષ્યમાં ગેરવર્તન નહીં કરવાની ખાતરી આપી હતી. માતા-પિતાએ પણ દીકરીને વધુ સમય આપીને તેની સાથે સંવાદ જાળવવાની તૈયારી દર્શાવી હતી. અભયમ ટીમના કાઉન્સેલિંગ બાદ પરિવારનો વિવાદ શાંત પડ્યો હતો.